| | | |
|---|---|---|
| | **ભાવનગર મહાનગરપાલિકા**<br>**સ્ટોર વિભાગ** | |

સ્ટોર જા.નં- ૭૩

સ્ટોર વિભાગ
મહાનગરપાલિકા
ભાવનગર.
તા.૯-૫-૨૦૨૩

વિષય:- ભાવનગર મહાનગરપાલિકાના સ્ટોર વિભાગના બેનર્સ અને હોર્ડિગ્સ પ્રિન્ટીંગ કામના ટેન્ડર માટે પ્રોવલ ડીજી એડ. ની ઈ.એમ.ડી. જપ્ત કરવા અને કાળી યાદીમાં મુકવાં બાબત.

સંદર્ભ:- (૧) પ્રોવેલ ડીજી એડ દ્વારા બેનર્સ અને હોર્ડિગ્સ પ્રિન્ટીંગ કામનું ભરવામાં આવેલ ટેન્ડર.
(૨) પ્રોવેલ ડીજી એડની અરજી તા.૧૬-૪-૨૦૨૩.
(૩) પ્રાર્ટીને આપવામાં આવેલ નોટીસ સ્ટોર જા. નં. ૧૧, તા.૧૦-૪-૨૦૨૩.
(૪) માન. કમિશનર સાહેબની મં.નં- ૫, તા.૧-૫-૨૦૨૩.

હુકમ:-

ભાવનગર મહાનગરપાલિકાના સ્ટોર વિભાગ દ્વારા બેનર્સ અને હોર્ડિગ્સ પ્રિન્ટીંગ કામ અંગેના સંદર્ભ (૧) થી પ્રોવેલ ડીજી એડ દ્વારા ટેન્ડર ભરવામાં આવેલ જેમાં તેમને આઈટમ નં- ૫,૬,૭ અને ૮ માટે એલ-૧ પાર્ટી પસંદ થયેલ પરંતુ સંદર્ભ (૨) થી પ્રોવેલ ડીજી એડ દ્વારા કરેલ અરજી મુજબ તેમણે ભરેલ ભાવ ગેરસમજથી ભરેલ હોય તેથી ટેન્ડરની શરત ૪(૪) મુજબ ભરવામાં આવેલ ભાવ પરત લઈ શકાશે નહી. તેમ કરવાથી તેમની ઈ.એમ.ડી. ડીપોઝીટ જપ્ત થશે અને ભવિષ્યના ઈજારા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે જે મુજબ ઉપરોકત સંદર્ભ (૩) થી તેમને નોટિસ આપવામાં આવેલ. પરંતુ તેમના દ્વારા કોઈ પ્રત્યુત્તર ન મળતાં પાર્ટી દ્વારા ભરેલ ઈ.એમ.ડી. ડીપોઝીટ પહોંચ નં-૧૯૫૩, તા.૧૨-૪-૨૦૨૩ થી રૂ.૧૫,૦૦૦/- અંકે પંદર હજાર પૂરા જપ્ત કરવામાં આવે છે. તેમજ આ ટેન્ડર માટે તેમને કાળીયાદીમાં મુકવામાં આવે છે. આ ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) ની રકમ જપ્ત કરવા સંદર્ભ (૪) થી નિર્ણય થયેલ હોય તે મુજબ સબંધિત સર્વોએ અમલ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

"નોંધ પર માન. કમિશનરશ્રીની આજ્ઞાનુસાર"

નાયબ કમિશનર(એડમીન.)
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ જાણ તથા અમલ થવા:-

(૧) શ્રી પ્રોવેલ ડીજી એડ - ટી.સી. ટાવર, જિલ્લા પંચાયતની સામે, ભાવનગર.
(૨) માન. સચિવશ્રી - ભાવનગર મહાનગરપાલિકા
(૩) ચીફ ઓડિટરશ્રી
(૪) ચીફ એકાઉન્ટન્ટશ્રી
(૫) કોમ્પ્યુટર વિભાગ ......... વેબસાઈટમાં પ્રસિધ્ધ હેતુ કાર્યવાહી સારૂ.   (૬) સબંધિત ફાઈલે.

કોમ્પ્યુટર વિભાગ
ઇનવર્ડ નંબર. 513
તા. 7/6/2023

શ્રી MDS
06/06/2023